# સાબરકાંઠા જિલ્લામાં નવરાત્રિ પર્વ નિમિત્તે વિવિધ મંદિરોમાં ઘટ સ્થાપન

## પ્રથમ નોરતે માતાજીના પાવન પર્વ નિમિત્તે કળશ સ્થાપન કરવામાં આવ્યા : હિંમતનગરમાં ખાડીયા મહામંદિર ખાતે ૫૦ મા નવરાત્રિ મહોત્સવની ઉજવણી તૈયારી પૂર્ણ

હિંમતનગર તા.૭
આ અંગેની વિગત એવી છે કે કોરોના મહામારી વચ્ચે સરકાર દ્વારા માત્ર શેરી ગરબાની જ પરવાનગી આપવામાં આવી છે ત્યારે વિવિધ સોસાયટીઓ તથા મંદિર પરિસરમાં ભાવિક ભકતો દ્વારા પરંપરાગત રીતે નવરાત્રિની શરૂઆત કરવામાં આવી હતી. હિંમતનગરના ખાડીયા મહામંદિર ખાતે ૫૦ મા નવરાત્રિ મહોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે ખાડીયા જાગૃતિ યુવક મંડળ દ્વારા મહામંદિર ચોક ખાતે કળશ સ્થાપન કરવામાં આવ્યુ હતું.





આ પ્રસંગે હર્ષ ગાંધી દ્વારા માતાજીની પૂજા અર્ચના તથા આરતી કરવામાં આવી હતી. ખાડીયા જાગૃતિ યુવક મંડળ દ્વારા છેલ્લા ૫૦ વર્ષથી નવરાત્રિ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે ત્યારે આ વર્ષે પણ કોરોનાની ગાઈડ લાઈનનું પાલન કરીને શેરી ગરબા કરવામાં આવશે. આ પ્રસંગે પ્રમુખ અમિત રાવલ, દિપેશ દરજી, પિનાકીનભાઈ શાહ, બીપીનભાઈ પટેલ સહિતના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.



**અંબાજી દાંતાના પત્રકાર મિત્રો દ્વારા પ્રથમ નવરાત્રિએ માં અંબાને ધજા અર્પણ કરાઈ**

શક્તિપીઠ અંબાજી ખાતે નવરાત્રીના પ્રથમ નોરતે અંબાજી દાંતાના પત્રકારો દ્વારા માં અંબાને ધજા અર્પણ કરવાનું આયોજન કરાયું હતું બપોરે ૧૨ વાગ્યે બધા પત્રકારો ડી.કે.સર્કલ નજીક ખોડીવડળી મહાદેવ મંદિરે ભેગા થયા હતા અને ત્યાંથી હર્ષોલ્લાસ સાથે માં ની ધજા સાથે પગપાળા મંદિર તરફ પ્રયાણ કર્યું હતું બોલ મારી અંબે જય જય અંબેના નાદ સાથે અંબાજી નગરમાં ફરીને ધજા સાથે શકિત દ્વાર થી ચાચરચોકમાં પહોંચ્યા હતા અને ત્યારબાદ મા અંબાને શિખર પર ધજા ચડાવી હતી અને માઁ અંબાને સુખડીનો પ્રસાદ પણ ધરાવવામાં આવ્યો હતો. આ ધજા ચઢાવવા ના કાર્યક્રમમાં અંબાજીના વરિષ્ઠ પત્રકાર અમૃતભાઈ જોષી, જયદેવભાઈ દવે, માણેકભાઈ જોષી અને અન્ય પત્રકારો હાજર રહ્યા હતા સાથે દાંતાના વરિષ્ઠ પત્રકાર રાજુભાઈ જોષી અને દાંતા પત્રકારો પણ જોડાયા હતા

# જિલ્લામાં ખરીફ પાક તૈયાર થતાં ભેલાણ વધ્યું, નીલગાય - ભૂંડનાં ટોળાથી ખેડૂતોની ઉપાધીમાં વધારો

બાયડ (બ્યુરો ઓફીસ) તા.૭
સાબરકાંઠા - અરવલ્લી જીલ્લામાં ખરીફ પાક તૈયાર થતાં ખેતરોમાં ભેલાણ વધી ગયું છે. નીલગાય અને ભૂંડનાં ટોળે ટોળા ખેતરોમાં તૈયાર પાકનું ભેલાણ કરવા લાગ્યાં છે જેથી ખેડૂતોની ઉપાધિમાં વધારો થયો છે.

આ વર્ષે શરૂઆતમાં વરસાદે ખેડૂતોને રીતસરના ટટડાવ્યા હતા જેમાં વરસાદ ની અછત થી ખરીફ વાવેતર ઉપર સંકટ ઊભું થતાં ખેડૂતોને વાવેતર બચાવવા માટે સિંચાઈના પાણી આપવાની ફરજ પડી.ભાદરવા મહિનાના ના આરંભ સાથે બન્ને જિલ્લામાં સાર્વત્રિક વરસાદ વરસ્યો જેના કારણે મુરઝાતી મોલાત ને ફાયદો જરૂર થયો છે પરંતુ હવે પાક તૈયાર થયા બાદ ખેતરોમાં જંગલી પ્રાણીઓનું ભેલાણ વધી ગયું છે.ખેડૂતો દ્વારા ભેલાણ રોકવાના તમામ કિમિયા નિષ્ફળ રહ્યા છે.જેથી ખેતરોમાં નીલગાયો અને



ભૂંડના ટોળે ટોળા ખેતરોમાં ઉભા પાકની તબાહી કરી રહ્યા હોવાથી ખેડૂતોના હાથમાં આવેલો કોળીયો છીનવાઈ જાય તેવી ભિતી છે.જિલ્લામાં ખેતીની દરેક સીઝનમાં ભેલાણ થી ખેડૂતો પાયમાલ બની રહ્યા છે.ખેડૂતો પાક બચાવવા માટે ખેતરોમાં રાત ઉજાગર કરી રહ્યા છે તેમ છતાં ભેલાણ ની સમસ્યા વકરી છે.

મગફળી સહિતના તૈયાર પાકમાં ભેલાણ થી ખેડૂતોને ઉત્પાદનમાં મોટો ફટકો પડી શકે

## ઓક્સિજન પ્લાન્ટ શરૂ થવાથી સ્થાનિક વિસ્તારના

# ગરીબ દર્દીઓની જીંદગી બચાવવામાં ઉપકારક નીવડશે : દેવાભાઈ માલમ

## કોરોના કે કટોકટીના સમયે કોઈ માણસનો પ્રાણ ન જાય આ પ્લાન્ટથી પ્રાણવાયુ મળશે : સાંસદ શ્રીમતી રમીલાબેન બારા

બાયડ તા.૭
પી.એમ.કેર પી.એસ.એ ઓક્સિજન પ્લાન્ટનું આજે દેશભરના રાજયોમાં માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ હસ્તે રાષ્ટ્રવ્યાપી સામૂહિક ઈ-લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ગુજરાત સરકાર દ્વારા આયોજિત જિલ્લા કક્ષાનો કાર્યક્રમ સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા ખાતે જનરલ હોસ્પિટલમાં રાજયકક્ષાના પશુપાલન અને ગૌસંવર્ધન મંત્રીશ્રી દેવાભાઈ માલમના હસ્તે ઓક્સિજન પ્લાન્ટને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ પ્રસંગે લોકસભાના સાંસદ શ્રી દિપસિંહ



રાઠોડ, રાજયસભાના સાંસદ શ્રી રમીલાબેન બારા, જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી ધીરજભાઈ પટેલ તાલુકા પંચાયતના પ્રમુખ શ્રીમતી મોદડ, જિલ્લા કલેકટર શ્રી હિતેષ કોયા, જિલ્લા વિકાસ અધિકારી શ્રી નીતિન સાંઘવાન, સંગઠનના પદાધિકારી, આરોગ્ય કર્મીઓ, સ્થાનિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે મંત્રીશ્રી દેવાભાઈ માલમે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી કેર ફંડમાંથી રૂ. ૩૫ લાખના ખર્ચે તૈયાર થયેલા પી. એસ. એ. ઓક્સિજન પ્લાન્ટથી સ્થાનિક વિસ્તારના ગામડાઓના દર્દીઓને બીમારીના કે કપરા સમયે તથા કોરોના જેવી મહામારીમાં લોકોને ઉપકારક સાબિત થશે. અને દર્દીઓની જિંદગી બચાવવા માટે આ પ્લાન્ટ ઉપકારક નીવડશે અને આજે પવિત્ર નવરાત્રિના પ્રથમ નોરતે આ સુવિધા ઉપલબ્ધ થતા ખુશી અને આનંદની લાગણી વ્યકત કરું છું. અને માં જગદંબાને પ્રાર્થના કરૂ છું કે સૌની રક્ષા કરે સાથે સૌને નવરાત્રીની શુભકામનાઓ પાઠવું છું.

આ પ્રસંગે રાજયના સાંસદ શ્રીમતી રમીલાબેન બારાએ જણાવ્યું હતું કે, કોરોના મહામારી જેવી બીમારીમાં કે ક્રિટીકલ



કન્ડિશનમાં દર્દીના પ્રાણ ન જાય, સહેલાઈથી પ્રાણવાયુ આ પ્લાન્ટ શરૂ થવાથી લોકોને મળશે. દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની દીઘર્દ્રષ્ટિ અને ગરીબો પ્રત્યે હમદર્દી આજે આખા દેશમાં ઓક્સિજન પ્લાન્ટનું સામુહિક લોકાર્પણ કરીને છેવાડાના માનવી ની ચિંતા કરી છે. પી.એમ. કેરથી આજે રૂ. ૩૫ લાખના ખર્ચે ખેડબ્રહ્માની જનરલ હોસ્પિટલને ઓક્સિજન સુવિધા મળી છે. પ્રધાનમંત્રીશ્રીએ ઋષિકેશ થી અને મુખ્યમંત્રી શ્રીએ ભરૂચ જિલ્લા ખાતે ઉપસ્થિત રહીને આ પ્લાન્ટ લોકોની સુવિધા માટે ખુલ્લા મુક્યા છે. અને જિલ્લાના વહીવટી તંત્ર દ્વારા સુંદર સહકાર અને કોરોના મહામારીમાં સહયોગ રહ્યો છે. કોરોના વોરિયર્સ ખડેપગે રહીને અડીખમ ગુજરાતને ફરી એક વાર ધબકતું કર્યું છે. લોકડાઉન, વેક્સીનેશન, ઓક્સિજન બેડની હોસ્પિટલો ઊભી કરીને, ડોકટરો, નર્સો, પેરામેડિકલ, પોલીસ વહીવટી તંત્રએ ઉમદા કાર્ય કર્યું છે. તેઓને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. અને નવરાત્રિના પાવન પ્રસંગે ઉપસ્થિત સૌને તથા જિલ્લાની જનતાને શુભેચ્છા પાઠવું છું અને આજે કોરોના વોરિયર્સનું સન્માન કરતા આનંદની લાગણી અનુભવું છું કાર્યક્રમ સમયે મેઘાએ પણ પધરામણી કરી હતી અને વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી.

# અરવલ્લીમાં જુદા - જુદા બે માર્ગ અકસ્માતમાં બેનાં મોત

બાયડ( બ્યુરો ઓફીસ) તા.૭
અરવલ્લી જિલ્લાના માર્ગો ઉપર યમદૂતબનીને વાહનો દોડી રહ્યા છે ત્યારે જિલ્લામાં સર્જાયેલા બે જુદા જુદા માર્ગ અકસ્માતમાં ૨ નાં મોત અને ૨ વ્યક્તિને ઈજા થતાં માલપુર અને ધનસુરા પોલીસ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

અકસ્માતની પ્રાપ્ત જાણકારી મુજબ માલપુર તાલુકાના કીડિયાદ ગામના મુન્ના ભાઈ ભરવાડ અને દક્ષા બેન ભરવાડ હાથમાં તેમની બાળકી ને તેડી બાઈક ઉપર પસાર થઈ રહ્યાં હતાં જે સમયે લાલસિપૂર ગામ નજીક રોડ ઉપર ટ્રેકટર ચાલકે બાઈક ને ટક્કર મારતા બાળકી ટ્રેકટરના તોતિંગ ટાયર નીચે આવી જતા સ્થળ ઉપર મોત નીપજ્યું હતું જ્યારે મુન્ના ભાઈ અને રક્ષા બહેનને ઈજા થતાં સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવાયા છે.બનાવ અંગે બિજલભાઈ ભરવાડની ફરિયાદના આધારે માલપુર પોલીસે ગુનો નોંધ્યો છે અકસ્માતના બીજા એક બનાવમાં તલોદ તાલુકાના ગુલાબપૂરા ગામના મહેન્દ્ર સિંહ પરમાર ધનસુરા તાલુકાના અમોદરા પાસે કિશોરપૂરા - પુંસરી હાઈવે થી પસાર થતા હતા.દરમ્યાન કોઈ અજાણ્યા વાહન ચાલકે ટક્કર મારતાં મોત નીપજ્યું હતું.બનાવ અંગે નટવરસિંહ પરમારની ફરિયાદના આધારે ધનસુરા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

## પ્રાંતિજ નજીક ભર બપોરે વિજળી પડી

# વિજળી લીમડાના ઝાડ ઉપર પડતા લીમડાના ઝાડને ચીરીને વિજળી જમીનમાં ઉતરી ગઈ

## ઝાડ નીચે કોઇ વ્યકિત કે પશુ બાઘેલ ન હોવાથી મોટી જાનહાની ટળી



પ્રાંતિજ તા.૭
સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના અમીનપુર રોડ ઉપર ગાજવીજ કડાકા સાથે વિજળી લીમડાના ઝાડ ઉપર પડી ચોમાસાની વિદાય છતાંય અસહ્ય બાફ ઉકળાટને લઈને સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર સહિત અનેક વિસ્તારોમા વરસાદી ઝાપટા પડયા હતા તો પ્રાંતિજ ખાતે પણ અચાનક વાતાવરણમા પલ્ટો આવ્યો હતો અને કડાકા ભડાકા સાથે ભર બપોરે પ્રાંતિજના અમીનપુર રોડ ઉપર આવેલ વિકીભાઈ જયેશભાઈ શેઠના ખેતરના શેઢા ઉપર જોડે જોડે આવેલ લીમડાના ઝાડો ઉપર વિજળી પડી હતી તો વિજળી લીમડાના ઝાડ ઉપર પડતાં જ વિજળી લીમડાના ઝાડને ચીરીને સીધી જમીનમા ઉતરી ગઈ હતી.

# હિંમતનગર સ્ટેટ સિંચાઈ વિભાગના અધિક્ષકને ગાંધીનગરનું તેડુ આવ્યુ..!!

## ગ્રાન્ટ ફાળવણી મુદ્દે ચોકાવનારી વિગતો પ્રકાશમાં આવે તેવી સંભાવના

હિંમતનગર સ્ટેટ સિંચાઈ વિભાગ દ્વારા સાબરકાંઠા જિલ્લાને રૂ. ૯ કરોડની ગ્રાન્ટ ફાળવણી અરવલ્લીને ગ્રાન્ટ ન ફળવાતા સરપંચોએ મોરચો માંડ્યા પછી સ્ટેટ સિંચાઈ વિભાગમાં હલચલ મચી છે. ગાંધીનગર સમાચારના અહેવાલ પછી વિગતો રાજ્ય સરકાર દ્વારા માંગવામાં આવી છે. જ્યારે અધિક્ષક એન.વી. કોટવાલને આજે પાટનગર પહોંચવાનું તેડુ આવ્યાની ચર્ચાથી હલચલ મચી છે.

જિલ્લા સ્ટેટ સિંચાઈ વિભાગના ભ્રષ્ટાચારની ફાઈલો ખોલવામાં આવે તો અઢળક કૌભાંડ પ્રકાશમાં આવી શકે છે. તળીયાથી ટોચ સુધી કટકી વ્યવહારથી સરકારની અનેક સિંચાઈને લગતી યોજનાને માઠી અસર થઈ છે ત્યારે હિંમતનગર સ્ટેટ સિંચાઈ વિભાગના અધિક્ષક દ્વારા માત્ર સાબરકાંઠા જિલ્લામાં ૪ તાલુકામાં ૯ કરોડ ફાળવી અરવલ્લીને બાકાત રખાતાં મુદ્દો ગાંધીનગર સુધી મુખ્યમંત્રીના દરબારમાં પહોંચ્યો છે અને ગાંધીનગર સ્થિત વિભાગમાંથી વિગત માંગવાની સાથે અધિક્ષકને તેડુ આવતાં હવે શું થશે ? તેના ઉપર સૌની મીટ મંડાઈ છે.


### મને તેડુ નથી આવ્યું - એક મીટીંગમાં હાજરી આપવાની છે : અધિક્ષક

હિંમતનગર સ્ટેટ સિંચાઈ વિભાગના અધિક્ષક એન.વી. કોટવાલે પોતાને ગાંધીનગરનું તેડુ આવ્યુ હોવાની બાબતનું ખંડન કર્યુ છે અને જણાવ્યુ કે મારે હીરપરા બેરેજ અમલીકરણ સમિતિની મીટીંગમાં સાબરમતી હાજર રહેવાનું છે જે અગાઉથી આયોજીત મીટીંગ હતી.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

# મોડાસા શહેર ભાજપા બક્ષીપંચ મોરચા પ્રમુખ તરીકે ભુપેન્દ્ર ભાટીયાની નિયુક્તિ

મોડાસા શહેર ભાજપા બક્ષીપંચ મોરચાના હોદ્દેદારોની નિયુક્તી કરવામાં આવી છે. જેમાં રાજ્ય સરકારના સેવા નિવૃત્ત



અધિકારી ભુપેન્દ્રભાઈ મોહનભાઈ ભાટીયાની બક્ષીપંચ મોરચા પ્રમુખ તરીકે નિયુક્તી કરાતાં સમગ્ર શહેર અને ભાટીયા સમાજમાં ખુશાલી છવાઈ છે.


આગામી વર્ષ ૨૦૨૨માં વિધાનસભા ચૂંટણી યોજાવાની છે. અરવલ્લી ભાજપા દ્વારા વિવિધ મોરચા-સેલની નિયુક્તિ કરવામાં આવી છે. ત્યારે મોડાસા શહેર ભાજપા બક્ષીપંચ મોરચા પ્રમુખ તરીકે ભાટીયા સમાજના અગ્રણી, ભાટીયા સમાજના સમૂહ લગ્નોત્સવના સફળ આયોજક ભુપેન્દ્રભાઈ ભાટીયાની પસંદગી કરાતાં ભાજપાને તેમના અનુભવનો સારો ફાયદો મળશે. તેમની નિયુક્તિને ભાટીયા સમાજના અગ્રણી ડૉ. અરવિંદભાઈ ભાટીયા, શૈલેષભાઈ ભાટીયા (પત્રકાર, ગાંધીનગર સમાચાર-બાયડ) ચિરાગ ભાટીયા, શશીકાંત ભાટીયા વગેરેએ અભિનંદન પાઠવ્યા હતા.

## લંકેશની ચિર વિદાયથી સાબરકાંઠાની પ્રજા શોકમય

# અરવિંદ ત્રિવેદીએ ગુજરાતી ફિલ્મના ‘ભિષ્મપિતા’નું બિરૂદ મેળવેલુ ૮૬ વર્ષની વયે માયાનગરી મુંબઈમાં અંતિમ શ્વાસ લીધો

બાયડ, તા. ૭
રામાયણ સિરીયલમાં ‘લંકેશ’ રાવણનું દમદાર પાત્ર ભજવીને દેશમાં લોકપ્રિય થયેલા પૂર્વ સાંસદ અરવિંદ ત્રિવેદીનું ૮૬ વર્ષની વયે મુંબઈમાં ટૂંકી માંદગી બાદ અવસાન થતાં લંકેશની ચિર વિદાયથી સાબરકાંઠાની પ્રજા શોકમય બની છે. લંકેશનું પાત્ર ભજવતી વખતે ભગવાન રામને અપશબ્દો બોલાતાં દરરોજ પ્રાયશ્ચિત કરતા અને મોરારીબાપુના હસ્તે તેમના ઈડરના અન્નપૂર્ણા નિવાસ સ્થાને આરસની ભગવાન રામની મૂર્તિ બનાવી અનોખો પશ્ચાતાપ કરતા હોવાનું પણ જાણવા મળ્યું છે.

૩૦૦ થી વધુ ગુજરાતી ફિલ્મ, ટીવી સીરીયલ અને નાટકોમાં અભિનય કરી અરવિંદ ત્રિવેદીએ સમગ્ર રાજયમાં સાબરકાંઠા અને માદરે વતન કુકડીયાનું નામ રોશન કર્યુ હતુ અને તેમની ખાસ અભિનય શૈલીના કારણે તેઓ ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝના ભિષ્મપિતા તરીકે



ઓળખાતા હતા. રામાયણ હિન્દી સિરીયલમાં પોતાના પહાડી અવાજ અને અદાથી રાવણ-લંકેશનું પાત્ર ભજવીને સૌથી વધુ લોકપ્રિય બન્યા. તેમની લંકેશની લોકપ્રિયતાથી આકર્ષાઈ ભાજપાએ તેમને સાબરકાંઠા લોકસભા બેઠકના ઉમેદવાર બનાવ્યા અને જીત મેળવી ઈતિહાસ રચ્યો. દેશની સાંસદમાં શિવસ્તુતી કરી સૌને દંગ કર્યા હતા. વારંવાર તેમના અવસાનની અફવા સોશ્યલ મીડીયામાં આવતી હતી. પરંતુ તા. ૫ ઓકટોબરના રોજ તેમના મોતની અફવા સાચી ઠરી. ૮૬ વર્ષની જૈફવયે તેમનું ટૂંકી માંદગી બાદ અવસાન થતાં તેમના ચાહકો અને જિલ્લાની પ્રજામાં શોક છવાયો હતો.

### ગુજરાતી ફિલ્મ ઉદ્યોગનો સિતારો ખરી પડ્યો : પૂર્વ અધ્યક્ષ રમણલાલ વોરા

ઈડરના ધારાસભ્ય, પૂર્વ કેબિનેટ મંત્રી, ગુજરાત વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ રમણલાલ વોરાએ લંકેશ (અરવિંદ ત્રિવેદી)ના નિધનથી ઉંડો શોક વ્યક્ત કરી જણાવ્યુ કે ગુજરાતી ફિલ્મ ઉદ્યોગોનો સિતારો ખરી પડ્યો. તેમની ખોટ કદી ભરપાઈ થઈ શકશે નહી તેમ જણાવી શ્રદ્ધાંજલી આપી હતી.